સૌનો સાથ ॥ વંદે માતરમ ॥ સૌનો વિકાસ

# ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી, આદીપુર –કચ્છ.

(ગાંધીધામ વિકાસ સત્તામંડળ)

**સંકુલના વિકાસ અને સિધ્ધીના સહયોગી અને સહભાગી એવા જી.ડી.એ. ની આગવા અતિત થી સુવર્ણમયી સાંપ્રતકાળ બાદ, ભવ્યાતિભવ્ય ભવિષ્ય પ્રતિ અવિરત આગેકુચ...**



**મધુકાન્ત જે. શાહ**
ચેરમેન

ભારતના વિવિધ વિસ્તારોમાં આગવું અને વિશિષ્ટ મહત્વ ધરાવતો ગુજરાતનો સરહદી અને છેવાડાનો જીલ્લો કચ્છ, અનેક કુદરતી ઉથલપાથલનો સાક્ષી બનેલો છે અને દરીયો, રણ અને ડુંગર એમ ત્રણેય ભુ–સંપદાઓ ધરાવતો પ્રદેશ છે.

૧૯૪૭માં દેશનું વિભાજન થયું ત્યારબાદ સિંધ અને પંજાબમાંથી હીજરતીઓનો પ્રવાહ આશરો શોધવા ભારત તરફ આવતો થયો ત્યારે કચ્છના મહારાવશ્રી વિજયરાજજી એ કંડલા આસપાસની જમીન તેમના વસવાટ માટે ફાળવી આપી. વળી ભાગલા બાદ દેશનું મહત્વનું બંદર કરાચી પાકિસ્તાનના હિસ્સે જવાથી ભારતને વૈકલ્પિક મહા બંદરની તાત્કાલિક જરૂરીયાત ઉભી થતા સરકારશ્રીએ આ વિસ્તારના અભ્યાસ માટે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના વડપણ હેઠળ એક કમીટીની રચના કરી હતી અને એ કમીટી ધ્વારા વિસ્તૃત અહેવાલ તૈયાર કરી ભારતના તત્કાલિન નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન લોખંડી પુરુષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સમક્ષ તે મુકવામાં આવતા દુરંદેશી એવા શ્રી સરદારે કંડલા બંદર પણ પસંદગી ઉતારી. આજે કંડલા પશ્ચિમ ભારતનું મહાબંદર બન્યું છે અને વિકાસની હરણફાળ ભરી રહયુ છે. આવતીકાલ જેની ઉજવળ દેખાય છે તેવા આ કંડલા બંદરના વિકાસ પાછળ સરદારશ્રીની દીર્ઘદ્રષ્ટિ, દુરંદેશી અને આર્શીવાદ છુપાયેલા છે. આજનું જુનું ગાંધીધામ શહેર પણ સરદાર ગંજના નામથી પ્રચલીત છે.

૧૯૩૦ માં મહારાવશ્રી ખેંગારજી બાવા એ માંડવી અને મુન્દ્રા બંદરે બારેમાસ કામ ન થઈ શકતું હોવાથી અંગ્રેજ એન્જીનીયરની મદદથી જુના કંડલા બંદર પર જેટી બંધાવેલી જે આજે પણ કાર્યરત છે. નવા કંડલાનું બાંધકામ ૧૯૪૮માં શરૂ કરવામાં આવ્યુ હતુ. કંડલા પોર્ટની પાયા વિધિ ૧૯૫૨ માં થઈ જેનો ઉતરોતર વિકાસ થતો રહયો. કંડલા બંદર દેશના ૧૧ મેજરપોર્ટ માનું એક મહાબંદર બની ચુકયુ છે જયાં એક સમયે માત્ર ખાડી હતી.

દેશના વિભાજન બાદ રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધી બાપુ અને વીર–સપુત સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને સાકાર કરવા ગાંધીધામ/આદીપુરની નવી વસાહતનું શિલારોપણ કરવામા આવ્યું. જેમાં ગાંધીધામના આધસ્થાપક સ્વ. ભાઈ પ્રતાપ દીયલદાસ અને તેમના સાથીદારોનો સહયોગ મળ્યો હતો. વળી કચ્છ મહારાવશ્રીએ નિરાશ્રિતોના વસવાટ હેતુ ૨૬૦૦ એકર જમીન એસ.આર.સી. ને ભેટ માં આપી અને તેના વિકાસની જવાબદારી તેમને સોપવામાં આવી અને કે.પી.ટી. ને આ પ્રોજેકટના ટ્રસ્ટી તરીકે નિમવામાં આવ્યા અને જોડીયા શહેરના વિકાસના શ્રી ગણેશ થયા.

આમ ગાંધીજીના દિશા નિર્દેશનથી કચ્છનું અત્યારનું આર્થિક પાટનગર ગણાતુ ગાંધીધામ/આદીપુર નામનું જોડિયુ શહેર અસ્તિત્વમાં આવ્યુ અને તેના ઋણ સ્વીકાર રૂપે પૂ બાપુના અવસાન બાદ તેઓના અસ્થિ ફુલોને કચ્છમાં લાવી ૧૨.૦૨.૧૯૪૮ના દિવસે આદીપુર મધ્યે સમાધિ સ્થળનું નિર્માણ કરવામાં આવ્યું. સમગ્ર દેશમાં માત્ર દીલ્હી અને ગાંધીધામ ખાતે જ પૂ. બાપુના અસ્થિ ફુલો છે જેનું આ શહેરને ગર્વ છે. જોડીયા શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી (જીડીએ) નામના એક સતામંડળની ૧૯૫૭માં રચના કરવામાં આવી જેનો માસ્ટર પ્લાન અમેરિકન ટાઉન પ્લાનર્સ મેસર્સ એડમ હાવર્ડ એન્ડ ગ્રીડે ધ્વારા સુનિયોજીત કરી આપવામાં આવ્યો. જીડીએની રચના કરવાનો ઉદેશ શહેર અને આસપાસ ના વિસ્તારનું સુ–આયોજીત વિકાસ થાય તે નિશ્ચિત કરવાનો છે.

ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી (ડેવલોપમેન્ટ એન્ડ કંટ્રોલ ઓન ઈરેકશન ઓફ બિલ્ડિંગ) એકટ ૧૯૫૭ તળે લોકલ સેલ્ફ ગર્વમેન્ટ એન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ સચિવાલય બોમ્બે ધ્વારા તા. ૦૮.૦૮.૧૯૫૮ ના રોજ બહાર પાડવામાં આવેલ અને તા. ૧૧.૦૮.૧૯૫૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલા નોટીફિકેશન મુજબ જીડીએની રચના કરવામાં આવી. જેના પ્રથમ ચેરમેન તરીકે સમગ્ર ગુજરાતના સન્માનીય અને અમદાવાદના નગર શેઠ તરીકે ઓળખાતા સ્વ. શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, સચીવ તરીકે સુપ્રીટેન્ટ એન્જીનીયર (જનરલ) કંડલા પોર્ટ, મેમ્બર તરીકે કચ્છ સાંસદ શ્રી ભવાનજી અરજણ ખીમજી, રાજયસભાના સાંસદશ્રી નારણદાસ રતનદાસ મલકાણી, જીલ્લા કેળવણી મંડળ ઉપપ્રમુખશ્રી હીરજીભાઈ કોટક, શ્રી ભાઈપ્રતાપ દીયલદાસ, કે.પી.ટી. ના ડેવ. કમિશ્નરશ્રી, ફાઈનાન્સીયલ એડવાઈઝર અને સી.એ.ઓ. શ્રી તથા હોદાની રૂએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, (કલેકટરશ્રી/કચ્છ) તથા જીલ્લા પબ્લિક હેલ્થ ઓફીસરશ્રી કચ્છ એમ કુલ દસ સભ્યોનું જીડીએનું બોર્ડ રચવામાં આવેલું. જીડીએની કામગીરી શરૂઆતમાં કે.પી.ટી.ની કચેરીમાં શરૂ કરવામાં આવેલી, ત્યારબાદ આદીપુરમાં એસ.આર.સી. ધ્વારા ભાડે લઈ કોલેજ પ્રિમાઈસીસમાં આ કચેરી કાર્યરત હતી. ત્યારબાદ ૧૯૯૧માં હાલની જીડીએ ની નવી અધતન કચેરી બનાવવામાં આવેલી છે.

વખતોવખત જીડીએના ગરીમાપૂર્ણ ચેરમેન પદે રહીને કચ્છના સાંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ તેમજ વિશિષ્ટ પ્રતિભા ધરાવતા મહાનુભાવો પોતાના અનુભવોનો લાભ આપી શહેરના વિકાસમાં યોગદાન આપતા રહયા છે.

આ જોડીયા શહેર તથા તેની આજુ બાજુના ગામડાઓ (જીડીએની હદમાં આવતા) ની રેવન્યુ સર્વે ની જમીનોનો ઝડપી વિકાસ થશે તેવી વર્ષો પહેલા સેવવામાં આવેલી આશા હવે ફળીભૂત થતી દેખાઈ રહી છે. જો કે જે તે વખતે તાત્કાલિક ધોરણે જરૂરીયાત મુજબ જે તે વિસ્તારો પુરતું મર્યાદિત પ્લાનીગ થયેલું તેના કારણે હાલે આ શહેર ઘણી બધી સમસ્યાઓનો સામનો કરી રહયુ છે. કારણ કે માસ્ટર પ્લાનના બહારના વિસ્તારોમાં આટલો ઝડપી વિકાસ થશે તેવી તો કલ્પના પણ, કોઈએ કરી ન હતી વળી ૧૯૯૮ નું કંડલાનું વાવાઝોડું તથા ૨૦૦૧ના મહા વિનાશકારી ભૂકંપે પણ વિકાસની ગતિને થોડી મંદ પાડી દીધેલી તે એક હકીકત છે.

ખાસ કરીને ભૂકંપ બાદ કચ્છમાં જે રીતે વિકાસ થયો તેમાં ગાંધીધામ/આદીપુર વિસ્તારને પણ તેનો લાભ મળ્યો છે. તેથી આવનારા દિવસોને નજર સમક્ષ રાખીને જીડીએની બહારના વિસ્તારોનું પણ એક સુનિયોજીત પ્લાનીગ થાય તે જરૂરી હતું.

જીડીએના વિસ્તારનું કુલ ક્ષેત્રફળ ૧૭૦ ચો. માઈલ એટલેકે ૧.૦૮.૮૦૦ એકર છે. જેમાં ગાંધીધામ/આદીપુર શહેરી વિસ્તાર ઉપરાંત નીચે જણાવેલ ગામોના રેવન્યુ વિસ્તારના કેટલાક સર્વે નંબરોનો સમાવેશ થાયછે.

(૧) ગળપાદર (૨) અંતરજાળ (૩) કીડાણા (૪) ભારાપર (૫) તુણા (૬) રામપર (૭) ચંદ્રાપર (૮) મીઠી રોહર (૯) ચુડવા (૧૦) વરસામેડી (૧૧) મેઘપર બોરીચી (૧૨) મેઘપર કુંભારડી (૧૩) અંજાર (૧૪) શિણાય (૧૫) માથક (૧૬) સંઘડ.

ગાધીધામ/આદીપુર શહેરી વિસ્તારનો માસ્ટર પ્લાન વર્ષો પહેલા અમેરીકન ટાઉન પ્લાનર ધ્વારા બનાવવામાં આવ્યો છે. જેમાં ભૂતકાળમા જરૂરત મુજબ ઝોન પાડવામાં આવેલ છે. સમય સમય પર કેટલાક ઝોનમાં રોડ પ્લાનીંગ નું આયોજન પણ કરવામા આવેલું છે પરંતુ બાકી રહી ગયેલા જાહેર થયેલા અને જાહેર થવાના બાકી કેટલાક ઝોનમાં રોડ પ્લાનીગ બાકી છે જે માટેનું પ્લાનિંગ ચાલુમાં છે. એટલે કે આ શહેર અને આસપાસના ગામડાઓના વિકાસની તીવ્ર ગતિને જોતા માળખાકીય સવલતોમાં જે કાંઈ ખુટે છે તે પૂર્ણ કરવા જીડીએ ધ્વારા નકકર કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીધામ-આદીપુર શહેર અને આસપાસના વિસ્તારના વિકાસ માટે રસ્તાઓ, બગીચાઓ વગેરે જેવી જાહેર સુવિધાઓ આપવા માટે પણ જીડીએ ચિંતિત છે. પરંતુ આ અંગે સરકારશ્રી પાસેથી મંજુરી લેવાની થાયછે. અને તે અંગેના નિયમોમાં ફેરફાર કરવા સરકારશ્રી પાસે જરૂરી દરખાસ્ત પણ કરવામાં આવેલી છે.

અગાઉ જીડીએ ધ્વારા સરકારશ્રીની મંજૂરીથી જી.યુ.ડી.સી. મારફતે ગાંધીધામ નગરપાલિકાને અંદાજે રૂા ૩૪ લાખ ના ૭૫ કન્ટેનર, ૭૦ વ્હીલબરો અને ૧૦૪૫ બકેટસ ફોર વ્હીલબરો આપેલ છે. તેમજ અંદાજે ૨૭,૦૦,૦૦૦ ના ચેસીસ માઉન્ટેડ કમ્બાઈનેડ સકશન કમ જેટીગ મશીન સરકારશ્રીની મંજૂરીથી ગાંધીધામ નગરપાલિકાને આપેલ છે. તાજેતરમાં ગાંધીધામ-આદીપુર શહેરોના વિકાસમાં સહયોગી બનવાની પુરક પહેલ જી.ડી.એ. દ્વારા કરવામાં આવી છે અને આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે ૧.૫૫ કરોડ રસ્તા તથા એલ.ઈ.ડી. પાવર સેવર લાઈટો માટે ફાળવવમાં આવ્યા છે. એટલું જ નહિં, પરંતુ ગાંધીધામ શહેરને અડીને આવેલ મેઘપર બોરીચી વિસ્તાર માટેની મુખ્ય ગટરલાઈન માટે રૂા.૫૦,૦૦૦/- જીડીએ દ્વારા ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે.

હાલમાં જીડીએ ધ્વારા માસ્ટર પ્લાનની બહાર જીડીએના કાર્યક્ષેત્રમાં નીચે પ્રમાણે ઝોન પાડવામાં આવેલ છે.

**હાલમાં જીડીએ ધ્વારા માસ્ટર પ્લાનની બહાર જીડીએના કાર્યક્ષેત્રમાં નીચે પ્રમાણે ઝોન પાડવામાં આવેલ છે.**

- **રહેણાંક ઝોન –** શિણાય, અંતરજાળ, માથક, સંઘડ, મેઘપર કુંભારડી, કીડાણા, મેઘપર બોરીચી, ગળપાદર, વરસામેડી, ગામોના એરીયાનો સમાવેશ.
- **હેવી ઈન્ડસ્ટ્રીયલ ઝોન–** વરસામેડી, કીડાણા, ભારાપર, રામપર, તુણા ગામના અમુક સર્વે નંબરોનો સમાવેશ
- **લાઈટ ઈન્ડસ્ટ્રીયલ ઝોન–** મેઘપર બોરીચી, ગળપાદર, મીઠી રોહર, ચુડવા ગામોના અમુક સર્વે નંબરોનો સમાવેશ
- **ગ્રીન બેલ્ટ/બફર ઝોન–** શિણાય ડેમની આસપાસનો વિસ્તાર તથા ચંદ્રાપર અને અંજારના અમુક સર્વે નંબરોનો સમાવેશ.
- **બાકી ઝોન : વરસામેડી, કીડાણા, અંજાર તથા ચુડવા તરફના અમુક સર્વે નંબરોમાં ઝોન જાહેર કરવાના બાકી છે.**

## જીડીએ ધ્વારા શહેરના વિકાસના હીતમાં વખતોવખત લેવાયેલા કેટલાક અગત્યના નિર્ણયો :

- **સેપ્ટ યુનિવર્સિટી ધ્વારા તૈયાર થઈ રહેલુ વિઝન – ૨૦૫૦ અંતર્ગત જીડીએની હદનો સંપૂર્ણ માસ્ટર પ્લાન**–અમદાવાદની સેન્ટર ફોર એન્વાયરનમેન્ટલ પ્લાનીગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી કે જેને સેપ્ટ યુનિવર્સિટી તરીકે ઓળખવામાં આવે છે. તેમના ધ્વારા હવે પછીના પ્લાનીગની સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. આ માટે સેપ્ટની ટીમ અને તેમના ટીમ લીડર ને ફેકલ્ટી ઓફ પ્લાનીગ એન્ડ પબ્લિક પોલીસીના ડીન પ્રો. ઉત્પલ શર્મા ની આગેવાની હેઠળ તમામ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વિઝન ૨૦૫૦ અંતર્ગત થનારા આ પ્લાનીગમાં શહેર તથા આસપાસના ગામડાઓના બાકી રહી ગયેલા ઝોનમાં ડીટેઈલ લે–આઉટ પ્લાનની સાથે સાથે રોડ પ્લાન પણ બનાવવાનું નકકી કરવામાં આવ્યુ છે. જેમા દરેક ગામ ને ફરતો રીગ રોડ હશે તથા શિક્ષણ, આરોગ્ય, જેવા સાર્વજનિક હેતુઓ માટેની જગ્યાઓ, નદી નાળાની આસપાસ રી–ક્રિએશન પ્લોટની વ્યવસ્થા રાખવામાં આવશે તથા પાણીના વહેણ, ગટર, પાણીની સુવિધાઓ તથા ત્યાથી પસાર થતી ગેસ લાઈન, નર્મદા લાઈન વગેરે ભવિષ્યની જરૂરીયાતોનું ધ્યાન રાખવામાં આવશે. આ રીતે પ્લાનિંગ થતાં ખાસ કરીને શિણાય અને માથક વગેરે ગામો તરફના ઘણા સમયથી બંધ પડેલા વિકાસને વેગ મળશે અને ઘણા સમય થી બાકી રહેલ જીડીએની હદનો સંપૂર્ણ માસ્ટર પ્લાન બનતાં કાયદા મુજબ નકકી થયેલ જીડીએની હદનું સ્થળ ઉપર પણ ડિમાર્કેશન કરી શકાશે. સમગ્ર કાર્યવાહી સેપ્ટ ધ્વારા તબકકાવાર શરૂ કરવામાં આવી છે. જરૂર પડયે સેટેલાઈટનો પણ ઉપયોગ કરવામાં આવશે. **સેપ્ટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ આ વિકાસનો પ્લાન ટુંક સમયમાં જી.ડી.એ.ને સોપવામાં આવનાર છે. આ માસ્ટર પ્લાનમાં આગામી વર્ષોમાં વધતી જતી વસ્તીનો ગ્રાફ નકકી કરી અને વિકાસ માટેનું આગોતરૂ આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર વિશ્વના આયાત/નિકાશકારો માટે કંડલા બંદર હોટસ્પોટ છે ત્યારે એટલું જ નહી પરંતુ ભવિષ્યમાં વિકસિત થનારા તુણા પોર્ટના કારગો ટ્રાફીકને રાખીને શહેરની બહારથી રીંગ રોડો બનાવવા કે જેથી કરીને પોર્ટ ટ્રાફીકને પણ વેગ મળે. આ સંકુલના ઔધોગિક વિકાસમાં સૌથી મહત્વપૂર્ણ એવા સોફટ ટીમ્બર અને ટ્રાન્સપોર્ટ જેવા સેકટરોને પણ ધ્યાનમાં રાખીને સેપ્ટ ધ્વારા આ અહેવાલ તૈયાર કરવામાં આવી રહયો છે.**

- ધરતીકંપ પછી સરકારશ્રી દ્રારા ઉધોગોને પ્રોત્સાહન આપવામાં આવતાં, કચ્છમાં ઉધોગો સ્થાપાયા તેને અનુલક્ષીને જીડીએ ના માસ્ટર પ્લાન થી બહારના એરીયામાં ઉધોગો સ્થાપવા માંગતા યુનિટો માટે સરળતા થાય તે માટે તાત્કાલિક ધોરણે કેટલાંક ઓધૌગિક ઝોનની જાહેરતા કરવામાં આવી અને આવા સ્થાપાનાર ઉધોગોને વાયબ્રંટ ગુજરાત નિતિને અનુલક્ષીને તાત્કાલિક મંજુરી મળે તે માટે સહકાર આપવામાં આવ્યો અને જેને કારણે કરોડો રૂપિયાના રોકાણો આ વિસ્તારમાં થયાં અને રોજગારીની વિપુલ તકો વધી.
- **જીડીએની પોતાની વેબસાઈટ ડીઝાઈન/ડેવલોપ કરવામાં આવી છે જે** www.gda.net.in **ઉપર ઉપલબ્ધ છે.** આ વેબસાઈટને પણ અપગ્રેડેડ કરવામાં આવી છે. **જેમાં જીડીએ**માં સમાવિષ્ટ વિસ્તાર અને શહેર તથા ગામડાઓની વિગત અને જીડીએની કામગીરી **અંગેની તમામ માહીતી,** નિયત નુમનાની અરજી ફોર્મસ, ફી, દરો તથા ડીપોઝીટ વિગેરેની વિગતો, જી.ડી.એ.ના માસ્ટર પ્લાનના તથા માસ્ટર પ્લાન બહારના તમામ **નકશાઓ અને ઝોન અંગેની માહિતી, ચેરમેનશ્રીઓ** તેમજ સચીવશ્રીઓ અને સ્ટાફની માહિતી તેમજ નોંધાયેલ ઈન્જીનિયરો, ડેવલોપરો તથા સાઈટ સુપરવાઈઝરોની માહિતી, તેમજ **શહેરના વિવિધ જોવા લાયક સ્થળોના ફોટા અને જીડીએના એકટ, રૂલ્સ એન્ડ રેગ્યુલેશનની વિગતો વગેરે મુકવામાં** આવી છે.

- ગાધીધામ/આદીપુરના ભવિષ્યના માસ્ટર પ્લાનને ધ્યાનમા રાખીને આદિપુર ચોસઠ બજાર મા એક તરફ દુકાનો/સ્ટોર્સ બનાવીને ચાર માર્ગીય રસ્તાઓને મંજુરી આપેલ છે અને તે બની ગયા પછી હજુ પણ મદનસિહ ચોક થી અંજાર તરફ જતા રસ્તા ને મળતા માર્ગને પણ ચારમાર્ગીય રસ્તો બનાવવાની મંજુરી આપેલ છે. એસ.આર.સી. ની આ ફોરટ્રેક દરખાસ્ત ખુબ જ ઝડપથી આગળ વધી રહી હોઇ, આદીપુર શહેરના અંજાર તરફ જતા ટ્રાફીકમાં ખુબ જ સરળતા રહેશે.
- ધરતીકંપ પછી રહેણાક વિસ્તારમા જે દુકાનોને મંજુરી આપવામા આવતી હતી તે શોપ કમ રેસિડેન્સીઅલ ની મંજુરીઓ બંધ કરવામા આવી છે. જેને કારણે દબાણો ઘટશે.
- શહેરનો વિકાસ થતાં અને સરકારી ઓફિસો આવતાં આ વિસ્તારમા જરૂર મુજબ એસ.આર.સી. ધ્વારા કરાયેલ દરખાસ્તોને ધ્યાનમા લઈને આવક વેરા ખાતુ, પોલિસ કે કસ્ટમ્સ જેવા સરકારી ખાતાઓ માટે સ્ટાફ કવાટર્સ બનાવવા લે–આઉટ પ્લાનમા જરૂરી ફેરફાર કરવાની મંજુરીઓ આપવામા આવી છે.
- જીડીએની હદ દર્શાવતો નકશો તથા સંપુર્ણ માસ્ટર પ્લાન તૈયાર કરીને કચેરીમાં જાહેરમાં રાખેલ છે.
- આઉટ સાઈડ માસ્ટર પ્લાનમા નવી બની રહેલી ટાઉનશીપોમા ડેવલોપર્સ ધ્વારા માળખાકીય સુવિધાઓ ઉભી કરાતી નથી અને ડેવલોપર્સ તેનો કબજો સોંપી ચાલ્યા જતા હોય છે આવુ ન થાય તે માટે આ તમામ માળખાકીય સુવિધાઓ વિકસાવી તેનુ કમ્પલિશન લેવુ ફરજીયાત બનાવેલ છે.
- ૧૦૦૦ મીટર થી વધુ મોટા વિસ્તારોમા આકાર પામતી ટાઉનશીપો મા ડેવલોપર્સને સરકારશ્રીના આદેશ મુજબ વૃક્ષો વાવવા ફરજીયાત કરવામા આવેલ છે.
- ગાંધીધામ કોમ્પલેક્ષની જમીનો ફ્રી હોલ્ડ થાય તે માટે પણ જીડીએ ધ્વારાં ભૂતકાળમાં પ્રયત્નો કરવામા આવ્યા છે.
- જીડીએ ધ્વારા નાગરીક અધિકાર પત્ર પણ તૈયાર કરવામા આવેલ છે. અને ટુંક સમયમાં જ સ્ટાફની સુવિધા ઉપલબ્ધ થાય તો જન સેવા કેન્દ્ર શરૂ કરવાનું નકકી કરવામા આવેલ છે.
- ગાંધીધામના મધ્યમાં આવેલી વચલી બજાર ના નામે ઓળખાતી બજારને રેગ્યુલરાઈઝ કરી અને તેને મંજુરીઓ આપવામા આવી છે.
- ગાંધીધામમાં સ્પોર્ટસ સંકુલ બને તે માટે એસ.આર.સી. સાથે પરામર્શ કરી ૨૫ એકર જમીન આ રમત ગમત સંકુલ માટે અલગથી લે–આઉટ પ્લાનમાં રાખવાનું આયોજન કરેલ છે.
- જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ આધુનિક જરૂરિયાતોની પણ માંગ વધતી જાયછે. આવા સંજોગોમાં જીડીએના ડાયરેકશનમાં લીફટ અંગેના જે જુના નિયમો હતા તેમાં હાલની માંગ મુજબ સુધારાઓ કરવામાં આવેલ છે.
- આદીપુરમાં જીડીએની પોતાની માલીકીની અધતન બિલ્ડીગ બનાવવામાં આવી છે અને સમયની માંગ અનુસાર આ બિલ્ડીગને પણ રીનોવેશન કરી અને હજુ પણ વધારાનું બાંધકામ કરી નવી સગવડો ઉભી કરવામાં આવનાર છે. **બિલ્ડિંગ – જીડીએની આ બિલ્ડિંગને તદન અધતન** સાધનો-સુવિધાઓ વિસાવીને કોર્પોરેટ હાઉસ **ટાઈપની બનાવવાની નેમ છે.**

- જીડીએની તમામ કામગીરી કમ્પ્યુટરરાઈઝડ કરવામા આવેલ છે. અને તમામ ફાઈલોનું પ્રોસેસ કમ્પ્યુટર ધ્વારા થતું હોઈ અરજીઓની સ્થિતિ તાત્કાલિક જાણી શકાય છે. તથા બાંધકામ અંગેની મંજૂરીઓમાં થતો વિલંબ ખુબજ ઓછો કરવામાં આવેલ છે.
- આઉટ સાઈડ માસ્ટર પ્લાન વિસ્તારમા પણ ઝડપી વિકાસ થતો હોઈ આવા વિસ્તારોમા પણ માસ્ટર પ્લાનના ડાયરેકશન મુજબ ગ્રાઉન્ડ + બે માળ સુધીના બાંધકામને પરવાનગી આપવાનું નકકી કરવામા આવેલ છે.
- જીડીએના સ્ટાફ માટે સેલ્ફ પેન્શન સ્કીમ શરૂ કરવામાં આવી છે.
- જીડીએની તમામ કામગીરી ઓનલાઈન થાય તે માટેના પ્રયાસો ચાલુ છે અને આ માટે જરૂરી સોફટવેર ઉપલબ્ધ થાય તો તાત્કાલિક તેને વિકસાવવા માટે જીડીએ કટીબધ્ધ છે.
- સમગ્ર સ્ટાફની કામગીરી ઉપર જીણવંટ ભરી નજર રાખી શકાય તેને ધ્યાનમાં લઈને જીડીએની કચેરીમાં સી.સી. ટીવી કેમેરા બેસાડવામાં આવેલ છે.
- તાજેતરમાં કંડલા પોર્ટ દ્રારા વીજ સબ-સ્ટેશન માટે GETCO ને ફાળવવામાં આવનાર જમીન અંગેના લે-આઉટ પ્લાનને ત્વરિત પરવાનગી આપવામાં આવી છે.
- ૮ મી ઓગસ્ટના રોજ આવતા જીડીએના સ્થાપના દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી છે.
- જીડીએના લગતા પ્રશ્નો અને સુચનો માટે ઇન્જીનિયર્સ એસોસીએશન/ડેવલપર્સ વિગેરે સાથે મિટિંગો ગોઠવી કાર્યવાહીની સરળતા માટે આયોજન કરવામાં આવે છે અને તેમાં તેમનો સહકાર લેવામાં આવે છે.

કદાચ ટુંક સમયમાં જ ગાંધીધામ/આદીપુર વિસ્તારમાં આવેલ રમતગમતના સંકુલનું લોકાર્પણ કરવામાં આવશે અને રમતગમતના શોખીનોની આશા અને અપેક્ષાઓ પુરી થશે, પણ એક વાતનો ઉલ્લેખ ખાસ કરવો રહયો કે અંદાજે ૨૫ વર્ષ પહેલા એસ.આર.સી.એ આ સ્પોર્ટસ સંકુલ માટે જમીન ફાળવી હતી અને તેમાં જે તે વખતે જીડીએના પણ પ્રયત્નો અગ્ર સ્થાને હતા. આ સંકુલના વિકાસમાં એસ.આર.સી. નું પણ એટલું જ યોગદાન રહેલુ છે તેનો આ એક પુરાવો છે. આ તબકકે એમના પ્રત્યે પણ આભારની લાગણી વ્યકત કરૂ છું. આ સંકુલની ગઈકાલ ઉજળી હતી, આજ ઉજળી છે અને આવતી કાલ પણ ઉજળી હશે.

ગુજરાતના **માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી** પણ કચ્છના વિકાસ અંગે સતત ચિંતિત છે અને કચ્છ પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે જેથી કચ્છ અને સાથે સાથે ગાંધીધામ/આદીપુર વિસ્તારનો વિકાસ થઈને જ રહેશે એમા કોઈ શંકા નથી.

જયારે માનવંતા મહાનુંભાવો જીડીએના ચેરમેનના આ ગૌરવશાળી પદ શોભાવી ચૂકયા છે. તેવા પદ પર અત્યારે સરકારશ્રી ધ્વારા મારી નિમણૂક કરવામાં આવેલી છે ત્યારે આવનારા દિવસોમાં વિઝન ૨૦૫૦ મુજબ સમગ્રસંકુલનું સુ–નિયોજીત અને અધતન વિકાસ થાય તેવી મારી નેમ છે અને એક મોર્ડન પ્લાનીગ ઉભુ થાય તેના માટે મે અથાગ પ્રયત્નો કર્યા છે અને કરી પણ રહયો છું. મારી સાથેના બોર્ડ મેમ્બરોમાં કલેકટરશ્રી, મારા સચીવ સહ-મેમ્બરનો ચાર્જ ધરાવતાં નાયબ કલેક્ટરશ્રી અંજાર, જીલ્લાના આરોગ્ય અધિકારીશ્રી, કંડલા પોર્ટના સચીવશ્રી તથા ચીફ ઈન્જીનિયરશ્રી અને કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના ડેવલોપમેન્ટ કમિશનરશ્રી નો મને સંપુર્ણ સહકાર મળેલ છે તે બદલ હું તેનો આભાર માનું છું. અને સ્ટાફની અછત અને અનેક પ્રશ્નોની વચ્ચે પણ મને વિશ્વાસ છે કે આ ભગીરથ કાર્યમાં હું ચોકકસ સફળ થઈશ જ કારણકે મારા આ પ્રમાણિક અને સન્નિષ્ઠ કાર્યમાં પ્રજાજનો નો સંપૂર્ણ સાથ અને સહકાર છે અને મળી રહેશે. તેવી અપેક્ષા સહ..

આદીપુર-કચ્છ

તા.૦૮/૦૮/૨૦૧૩

**- મધુકાન્ત જવેરચંદ શાહ**

ચેરમેનશ્રી

ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી